સને.૨૦૧૪-૧૫માં નવી બાબતે માંગણી નં-૯ પ્લાન સદરે રાજયમાં આવેલ પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજના કેન્દ્રો ખાતે રસોઇ બનાવવા LPG ગેસ સીલીન્ડરના રીફલીંગ માટે રુ.૫૦/-લાખની રકમની વહિવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૧૪/૨૩૦ /આર,
સચિવાલય, ગાંધીનગર
તા. ૩૧ /૦૭ /૨૦૧૪

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૯/૧૧/૨૦૧૩નો ઠરાવ ક્રમાંક-મભય-૧૦૨૦૦૯/૧૫૯૪/ર

(૨) કમિશ્નરશ્રી, મ.ભો.યો.ના તા. ૧૪/૦૫/૨૦૧૪ ના પત્ર ક્રમાંક:મભય/અમલ-૪/ગેસચાર્જ/૩૯૫૫

ઠ રા વ-

સંદર્ભ-(૧) ના શિક્ષણ વિભાગના ઠરાવથી સને ૨૦૧૩-૧૪માં રાજયની પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થી દીઠ શાકભાજી,મરીમસાલા,બળતણ વગેરે ધ્યાને લઇ કુકીંગ કોસ્ટ નક્કી કરવામાં આવેલ છે.સંદર્ભ-(૨)ના કમિશ્નરશ્રી, મ.ભો.યો.ના પત્રથી રાજયમાં આવેલ પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રો ખાતે રસોઇ બનાવવા LPG ગેસ સીલીન્ડરના રીફલીંગ માટે સને.૨૦૧૪-૧૫માં નવી બાબતે રુ.૫૦/-લાખની બજેટ જોગવાઇને વહિવટી મંજુરી આપવા અંગે કમિશ્નરશ્રી, મ.ભો.યો.ની દરખાસ્ત મળતાં તે અંગે તે અંગે સને.૨૦૧૪-૧૫ના વર્ષમાં નવી બાબતે જોગવાઇ કરવમાં આવેલ છે જેને વહિવટી મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨/ પુખ્ત વિચારણાને અંતે સને.૨૦૧૪-૧૫માં નવી બાબતે માંગણી નં-૯ પ્લાન સદરે રાજયમાં આવેલ પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજના કેન્દ્રો ખાતે રસોઇ બનાવવા LPG ગેસ સીલીન્ડરના રીફલીંગ માટે રુ.૫૦/-લાખની (અંકે રૂપિયા પચાસ લાખ પુરા )રકમની નીચેની શરતોને આધિન વહિવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) મ.ભો.યો.કેન્દ્ર સંચાલકો પાસેથી મળેલ મ.ભો.યોજનાના લાભાર્થીઓની સંખ્યાની નોંધ રજીસ્ટરમાં કરવામાં આવ છે અને તે આધારે મ.ભો.યોજનાના ૫૦ (પચાસ) લાભાર્થીદીઠ માસિક એકના ધોરણે ગેસ સીલીન્ડરની જરૂરીયાત સબંધમાં કમિશ્નરશ્રી, મ.ભો.યો.દ્વારા સુચનાઓ આપવાની રહેશે.

(૨) કમિશ્નરશ્રી, મ.ભો.યો.પ્રસ્તુત બાબતે થયેલ ખર્ચની વિગતો ભારત સરકારને સમય-મર્યાદામાં મોકલી અને મળવાપાત્ર ગ્રાન્ટ મેળવવા જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

**(૩) મ.ભો.યો.ના સંચાલક દ્વારા આ અંગેનું એક અલગ રજીસ્ટર નિભાવવાનું રહેશે.જેમાં સીલીન્ડરની કિંમત,મ.ભો.યો.કેન્દ્ર ખાતે સીલીન્ડર શરૂ કર્યા અને પૂર્ણ થયાની તારીખ લખવાની રહેશે.**

(૪) **મ.ભોયો.ના તમામ કેન્દ્રઓ** ખાતે LPG ગેસથી રસોઇ બનાવવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

(૫) કમિશ્નરશ્રી, મ.ભો.યો.દ્વારા સીલીન્ડર રીફલીંગ માટે સંચાલકને ગેસ એજન્સી થી મ.ભો.યો.કેન્દ્ર સુધી ખાલી/ભરેલ સીલીન્ડરનો ટ્રા ન્સપોર્ટીંગ માટે પરચુરણ ખર્ચની મર્યાદા નક્કી કરવાનું ધોરણ નિયત કરવાનું રહેશે.

(૬) મ.ભો.યો. વાર્ષિક ૨૪૦ દિવસ/૧૦ માસના સમયગાળામાં ચાલતી હોય તેટલા સમય પુરતો LPG ગેસથી ખર્ચનું ચુકવણું કરવાનું રહેશે.

(૭) કમિશ્નરશ્રી, મ.ભો.યો.દ્વારા LPG ગેસના સીલીન્ડરના ઉપયોગથી જે ખર્ચ થાય તે ભારત સરકારમાંથી નિયમાનુંસાર પરત મેળવવા માટે સમયસર દરખાસ્ત આ વિભાગ મારફતે મોકલવાની રહેશે.

(૮) LPG ગેસનો ઉપયોગ ફકત મ.ભો.યો.ના હેતું માટેજ કરવાનો રહેશે અન્ય કોઇ પણ હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી અને સંચાલકે વેકેશનમાં શાળાના આચાર્ય પાસે સીલી ન્ડર જમા કરાવવાના રહેશે.

(૯) કમિશ્નરશ્રી, મ.ભો.યો. LPG ગેસ કનેકશન,સીલીન્ડરની જાળવણી,વપરાશ માટે રાખવામાં સાવચેતી સબંધે જરૂરી સુચનાઓ બહાર પાડવાની રહેશે.

(૧૦) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૧)આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૧૨) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકિય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૧૩) ભારત સરકારની મ.ભો.યો. અંગેની સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

(૧૪) આ ખર્ચ તા.૧/૮/૨૦૧૪ થી કરવાનો રહેશે.

૩/ આ અંગેનો ખર્ચ સને ૨૦૧૪-૧૫ના નવી બાબતે માંગણી નં.૯,પ્લાન,મુખ્ય સદર-૨૨૩૬-પોષણ,પેટા મુખ્ય સદર-૦૨પોષણ યુકત આહાર અને પીણાનું વિતરણ,ગૌણ સદર-૧૦૨-મ.ભો.યો.,(૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટે મ.ભો.યો.-(આયોજન)હેઠળ ઉધારવાનું રહેશે તથા તે હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનું રહેશે.

૪/આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૨ / ૦૭ /૨૦૧૪ની અને નાણા સલાહકારશ્રી (શિ.)ની તા.૧૮/૭/૨૦૧૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( અનંત પટેલ )
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિ.),ના રહસ્ય સચિવ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, (આ.બા.) ના રહસ્ય સચિવ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
- સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષાધિકારીશ્રીઓ.
- સર્વે જિલ્લા તિજોરીશ્રીઓ.
- બજેટ શાખા,નાણા શાખા,શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારીશ્રી,
- સિલેકટ ફાઇલ.